ગુજરાતમિત્ર
મંગળવાર ૨૭ ઓક્ટોબર, ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

**સ્થાનિકોની મુખ્ય બોલી આદિવાસી ચૌધરી, આધુનિક પહેરવેશ અને જીવનશૈલી સ્વીકારવા છતાં ગામ લોકોની મૂળ પરંપરા અકબંધ**



ટાઉન ટોક

## પ્રકૃતિના ખોળે વસેલું આદર્શ અને પ્રગતિશીલ ગામ એટલે માંડવી તાલુકાનું

# વાંકલા (રાજવાડ)



દક્ષિણ ગુજરાતના હરિયાળા પ્રદેશ એવા સુરત જિલ્લાના માંડવી તાલુકામાં પ્રકૃતિના ખોળે વસેલું એક સુંદર અને રળિયામણું ગામ એટલે વાંકલા (રાજવાડ). માંડવી તાલુકા મથકથી અંદાજિત ૧૩ કિલોમીટરના અંતરે આવેલું આ ગામ આધુનિકતા અને પરંપરાનો અનોખો સંગમ છે. ભૂતકાળમાં સિંચાઈ ડેમ, પોસ્ટ ઓફિસ અને પોલીસ સ્ટેશન જેવી સુવિધાઓ ધરાવતા આ ગામમાંથી આ સુવિધાઓ નજીકના કાકરાપાર ટાઉનશીપમાં સ્થળાંતરિત થઈ હોવા છતાં, વાંકલા ગામે ખેતી અને સહકારી ક્ષેત્રે આધુનિકતાની હરણફાળ ભરીને વિકાસની નવી ગાથા લખી છે. દેશના વિકાસમાં અહીંના પ્રગતિશીલ ખેડૂતો અને સહકારી આગેવાનોનું મોટું યોગદાન રહ્યું છે. આશરે બે હજાર જેટલી વસતી અને ૧૪૦૦ જેટલા નોંધાયેલા મતદારો ધરાવતું આ ગામ તર્કણીયુ, ટેકરી, મંદિર, બાવડી, આમલી અને તાણ ફળિયું સહિત આઠ જેટલાં અલગ-અલગ ફળિયાંમાં વહેંચાયેલું છે. ગામમાં ધાર્મિક આસ્થાના પ્રતીકસમાન પૌરાણિક શાનેશ્વર મહાદેવ અને અંબામાતાજીનું મંદિર આવેલું છે. માંડવી તાલુકો મુખ્યત્વે આદિવાસી પટ્ટો હોવાથી વાંકલામાં ચૌધરી, ઓર્ડ અને પ્રજાપતિ સમાજનું પ્રભુત્વ છે. સ્થાનિકોની મુખ્ય બોલી આદિવાસી ચૌધરી છે. આધુનિક પહેરવેશ અને જીવનશૈલી સ્વીકારવા છતાં ગામ લોકોએ પોતાની મૂળ પરંપરા અકબંધ રાખી છે. લગ્નપ્રસંગો કે હોળી-દિવાળી જેવા તહેવારોમાં પરંપરાગત ઢોલ, તૂર અને ડોબરું જેવા વાદ્યો સાથે રજૂ થતા આદિવાસી લોકનૃત્યો ગામની સંસ્કૃતિને આજે પણ જીવંત રાખે છે. વિકાસની વાત કરીએ તો, 'પ્રધાનમંત્રી આવાસ યોજના' હેઠળ અત્યાર સુધીમાં ૯૦ જેટલા પરિવારોને પાકાં મકાનની ભેટ મળી ચૂકી છે અને નવાં ૧૫૦ આવાસ મંજૂર કરવામાં આવ્યાં છે, જેથી છેવાડાના અને વંચિત પરિવારોનું પાકા ઘરનું સપનું ટૂંક સમયમાં સાકાર થશે.....



## વાંકલા ગ્રામ પંચાયત હસ્તક આવતું રાજવાડ ગામ બન્યું વિકાસનું રોલ મોડેલ





વાંકલા ગ્રામ પંચાયત હસ્તક આવતું અને વાંકલા સાથે જોડાયેલું રાજવાડ ગામ આજે આધુનિક ગ્રામ્ય વિકાસનું એક ઉત્તમ અને પ્રેરણાદાયક ઉદાહરણ બની ગયું છે. ગ્રામ પંચાયતના યોગ્ય આયોજનથી પાયાની સુવિધાઓ ઊભી થતાં આ ગામનું જીવનધોરણ ખૂબ જ સુવિધાજનક અને શહેરોને સમકક્ષ બન્યું છે. આંતરમાળખાકીય સુવિધાઓ અને પાકા રસ્તાઓ ગામના વાહનવ્યવહાર અને આંતરિક માર્ગોને સુદ્રઢ બનાવવા માટે પંચાયત દ્વારા વિશેષ કામગીરી કરવામાં આવી છે. ગામના મુખ્ય અને સંપર્ક માર્ગોને ડામરથી મઢવામાં આવ્યા છે, જેનાથી વાહનવ્યવહાર ઝડપી અને સુરક્ષિત બન્યો છે. આ ઉપરાંત, આંતરિક શેરીઓ અને ફળિયાઓમાં સુંદર પેવર બ્લોક લગાવવામાં આવ્યા છે. આ સુવિધાને કારણે ચોમાસામાં પણ કાદવ-કીચડની સમસ્યાથી ગ્રામજનોને કાયમી છૂટકારો મળ્યો છે અને ગામમાં બારેમાસ સ્વચ્છતા જળવાય રહે છે. સ્ટ્રીટ લાઈટની ઝળહળતી રોશની રાત્રિના સમયે ગામમાં સુરક્ષા અને સગવડ રહે એ હેતુથી સમગ્ર રાજવાડ ગામના રસ્તાઓ પર સ્ટ્રીટ લાઈટ નાંખવામાં આવી છે. સૂર્યાસ્ત થતાં જ આખું ગામ રોશનીથી ઝળહળી ઊઠે છે. રાત્રિના અંધકારમાં પણ ગ્રામજનો, વડીલો અને બાળકો નિર્ભયપણે અવરજવર કરી શકે છે. દરેક ફળિયામાં પાણીની ટાંકીની સુવિધા પાણીની સુવિધા અંગે રાજવાડ ગામમાં વિશેષ અને સચોટ આયોજન જોવા મળે છે. ગામમાં માત્ર એક જ જગ્યાએથી પાણી આપવાને બદલે, દરેક ફળિયા દીઠ અલગ-અલગ પાણીની ટાંકીઓ મૂકીને વિકેન્દ્રિત જળ વ્યવસ્થાપન કરવામાં આવ્યું છે. આ વ્યવસ્થાને કારણે પાણીના વિતરણમાં સમાનતા રહે છે અને દરેક ઘર સુધી પૂરતા દબાણથી શુદ્ધ પીવાનું પાણી પહોંચે છે. આનાથી મહિલાઓનો શ્રમ અને સમય બચ્યો છે. શિક્ષણ અને બાળવિકાસની સુવિધાઓ ગામમાં ભૌતિક સુવિધાઓની સાથે સાથે શિક્ષણ અને બાળવિકાસને પણ પૂરતું મહત્ત્વ આપવામાં આવ્યું છે. ગામનાં બાળકોને પોતાના જ ગામમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે પૂરતી સગવડો ધરાવતી પ્રાથમિક શાળા આવેલી છે. આ ઉપરાંત, નાનાં ભૂલકાંનાં પોષણ, આરોગ્ય અને પૂર્વ-પ્રાથમિક શિક્ષણ માટે ગામમાં આંગણવાડી કેન્દ્ર પણ કાર્યરત છે, જે બાળકોના સર્વાંગી વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવી રહ્યું છે.

## વાંકલામાં પુરુષો કરતા મહિલાઓની સંખ્યા વધુ

વાંકલા ગામમાં સ્થાનિક વસતી અને સ્ત્રી-પુરુષના પ્રમાણને લગતા રસપ્રદ આંકડા સામે આવ્યા છે. ગામમાં આંકડાકીય માહિતી મુજબ કુલ ૧૧૨૫ મહિલા અને ૯૭૦ પુરુષો વસવાટ કરે છે. આ આંકડા દર્શાવે છે કે વાંકલા ગામમાં પુરુષોની સરખામણીએ મહિલાઓની સંખ્યા વધુ છે, જે સમાજમાં સ્ત્રી ભ્રૂણહત્યા અટકાવવા અને બેટી બચાવો ઝુંબેશની સકારાત્મક અસર દર્શાવે છે. ગ્રામજનો અને સ્થાનિક આગેવાનોના જણાવ્યા મુજબ ગામમાં શિક્ષણનું પ્રમાણ વધતાં લોકોમાં જાગૃતિ આવી છે, જેના પરિણામે સ્ત્રી-પુરુષના પ્રમાણમાં આ સંતોષકારક સુધારો જોવા મળ્યો છે. વાંકલા ગામનો આ જાતિ પ્રમાણનો આંકડો આસપાસનાં અન્ય ગામડાં માટે પણ એક પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડે છે.

### ગ્રામ પંચાયતના હોદ્દેદારો



● **સરપંચ**
દીપિકાબેન બીપીનભાઈ ચૌધરી



● **ઉપસરપંચ**
યોગેશભાઈ જગદીશભાઈ ચૌધરી

● **સભ્યો**- અમીનાબેન ચંદુભાઈ ચૌધરી
● સુનિતાબેન કાંતિલાલ ચૌધરી
● ઊર્મિલાબેન વિજયભાઈ ચૌધરી
● મેહુલભાઈ રવજીભાઈ ચૌધરી
● પ્રીતિબેન મુકેશભાઈ ચૌધરી
● રયમાબેન પ્રકાશભાઈ ચૌધરી



● **તલાટી કમ મંત્રી**
મીનાબેન એ.અન્સારી



## દૂધ ઉત્પાદક મંડળી સહકારી ક્ષેત્રનું ઉત્તમ ઉદાહરણ

સુરત જિલ્લો સહકારી માળખામાં મોખરે છે અને તેમાં વાંકલાની 'દૂધ ઉત્પાદક સહકારી મંડળી'એ એક આગવી ઓળખ ઊભી કરી છે. ગામના પશુપાલકો સવાર-સાંજ અંદાજિત ૨૮૦૦ લિટર (માસિક ૯૫,૦૦૦ લિટર) દૂધ ભરાવે છે, જે સીધું સુમુલ ડેરીમાં જાય છે. આ મંડળીનું માસિક ટર્ન ઓવર રૂ.૫૦ લાખથી વધુ છે. મંડળીના પ્રમુખ રતિલાલભાઈ આર. ચૌધરી અને મંત્રી રમણભાઈ કે. ચૌધરીના કુશળ વહીવટના કારણે મંડળીએ ભારે પ્રગતિ કરી છે. ગત વર્ષે ૧૪ લાખ ૨૧ હજાર રૂપિયા જેટલો દૂધ વધારો (બોનસ) સભાસદોને ચૂકવવામાં આવ્યો હતો. સુમુલ ડેરી તરફથી એક કિલો ફેટનો ભાવ ૧૨૦ રૂપિયા હતો, પરંતુ મંડળીએ પોતાના નફામાંથી ભાવફેર આપીને સભાસદોને ૧૪૩ રૂપિયા લેખે ચૂકવણું કરી ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સભાસદોની જાગૃતિ માટે દિવા પ્રોગ્રામ અને શૈક્ષણિક પ્રવાસોનું પણ આયોજન કરવામાં આવે છે.

